## બ્રાહ્મણી - ૨ ડેમથી એનસી-૭ મોરબી પમ્પીંગ સ્ટેશન સુધીની યોજનાને વહીવટી મંજુરી બાબત

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ નં.વીડબલ્યુએસ /૨૫ -૨૦૧૮ -૪૩૬ /IWDMS-૫૭૧૧૭૯ / ખ.૪,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૦૭/૦૩/૨૦૧૯

**વંચાણે લીધા:-**

૧) નાંણા વિભાગના ઠરાવ ક્રમાંક જે એનવી/૧૦૦૭/એફએમ-૪/એ તારીખ ૨૮/૭/૨૦૦૮
૨) જીડબલ્યુઆઇએલની બોર્ડ સભ્ય મંડળની ૮૪ મી બેઠક તારીખ તા. ૨૨/૦૮/૨૦૧૭
૩) જીડબલ્યુઆઇએલની તાંત્રિક ચકાસણી કમિટીની બેઠક તા.૧૮/૦૬/૨૦૧૮
૪) જીડબલ્યુઆઇએલની સીંગલ ફાઇલ પરની દરખાસ્ત તા.૧૬/૦૮/૨૦૧૮

**પ્રસ્તાવના:**

રાજ્ય ના સૌરાષ્ટ્રનાં જિલ્લાને પીવાનું પાણી ધાંગધ્રા બ્રાંચ કેનાલનાં છેવાડાનાં ૧૨૩.૦૦ કીમી ચેઇનેજ પર આવેલ ૩૦૦ એમ.એલ.ડી. ક્ષમતાનાં નવા શાદુલકા પંપીગ સ્ટેશનથી આપવામાં આવે છે. આ માટે કેનાલમાં લઘુત્તમ ૦.૭૦ મી. ઉંડાઈમાં જથ્થો ઉપલબ્ધ થાય તો પુર્ણ ક્ષમતાએ કાર્યરત થઈ શકે.

ધાંગધ્રા બ્રાંચ કેનાલની કુલ લંબાઈ ૧૨૪ કિ.મી. છે. જે ૮૯ થી ૯૧ કિ.મી. ચેઈનેજ પર કેનાલ બ્રાહ્મણી-૨ ડેમમાં થઈને આગળ વધે છે. સમગ્ર વર્ષ દરમિયાન સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ દ્વારા કેનાલમાં પાણીનું વહન કરવામાં અવે છે. જળાશયમાં પુરતો જળસંગ્રહ કરીને સિંચાઈ માટે આપવાનું થતું હોઈ પાછળના ૩૩ કિ.મી. માટે ધાંગધ્રા બ્રાંચ કેનાલમાં પુરતા પ્રમાણમાં પાણીનું વહન થતું નથી. ઉનાળાના સમયમાં ખાસ કરીને માર્ચથી મે મહિના દરમિયાન પાણીની જરૂરિયાત મહત્તમ હોઈ ત્યારે નવા શાદુલકા પાસે પુરતી ઉંડાઈનો જથ્થો કેનાલમાં મળી શકતો નથી. આથી પાણીની ઘટ પડે છે.

જે સમસ્યા નિવારવા માટે બ્રાહ્મણી-૨ ડેમમાંથી ૩૦૦ એમ.એલ.ડી. પાણી ઉપાડવા માટે ઈન્ટેકવેલ, પમ્પીંગ મશીનરી તથા નવા શાદુલકાથી ધાંગધ્રા બ્રાંચ કેનાલને સમાંતર ૩૩.૫ કિ.મી. લાંબી ૨૦૨૮ મીમી વ્યાસની ૧૪ મીમી જાડાઈની એમ.એસ. પાઈપલાઈન નાખવાના કામની જરુરીયાત જણાય છે.

સંદર્ભ (૪) ની સીંગલ ફાઇલથી રૂ.૨૭૬૦૦.૬૨ લાખ (નેટ) અને રૂ.૨૮૯૮૦.૬૫ લાખ (ગ્રોસ) (૫% ઈ.ટી.પી. ચાર્જ સહીત) ની દરખાસ્ત મળેલ છે જેને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાના અંતે બ્રાહ્મણી-૨ ડેમમાંથી ૩૦૦ એમ.એલ.ડી. પાણી ઉપાડવા માટે ઈન્ટેકવેલ, પમ્પીંગ મશીનરી તથા નવા શાદુલકાથી ધાંગધ્રા બ્રાંચ કેનાલને સમાંતર ૩૩.૫ કિ.મી. લાંબી ૨૦૨૮

મીમી વ્યાસની ૧૪ મીમી જાડાઈની એમ.એસ. પાઈપલાઈન નાખવાના કામોની રૂ. ૨૭૬૦૦.૬૨ લાખ (નેટ) અને રૂ.૨૮૯૮૦.૬૫ લાખ (ગ્રોસ) (૫% ઈ.ટી.પી. ચાર્જ સહીત)ની દરખાસ્તને પાણી પુરવઠા કાર્યક્રમ (ડબલ્યુએસએસ- ૪૮, મુખ્ય સદર - ૪૨૧૫, પેટા મુખ્ય સદર - ૦૧, ગૌણ સદર - ૧૦૨) અંતર્ગત નીચે જણાવેલ શરતોને આધીન વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

શ ર તો:-

૧) યોજના અંતર્ગત નાણાકીય વર્ષોમાં નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં બજેટ જોગવાઈને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

૨) આ કામગીરી માટે નિયમોનુસાર આગામી નાંણાકીય વર્ષમાં પુરતી અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩) આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણો ને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે

૪) યોજનાના કામો મંજુર થયેલ કાર્યક્રમના સદરે જ હાથ ધરવાના રહેશે. તથા આ યોજનાના સમાન કામો માટે અગાઉ આપેલ મંજુરીઓ આ મંજુરી મળયેથી આપોઆપ રદ ગણવાની રહેશે.

૫) યોજનાના રજુ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઈ કરાવી લેવાની રહેશે.

૬) યોજનાના કામોનું વિગતવાર સર્વેક્ષણ કરી તે મુજબ આલેખન,અંદાજો અને નકશાની સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તારીખ ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છમાં ઈ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈ/સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૮) સુચિત કામો નરેગા હેઠળ લેવાના થતાં હોયતો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજૂરો દ્વારા જ કરવામાં આવે તેની અચુક તકેદારી રાખવાની રહેશે .

૯) યોજનાના કામો હાથ ધરતા પહેલા ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમીટેડના પ્રવર્તમાન નિયમોને ધ્યાનમાં રાખી યોજનાના ઘટકોની ડીઝાઈન, અંદાજોની ચકાસણી,તેમજ સમગ્ર મટીરીયલ્સ વિગેરેની ચકાસણી સક્ષમ કક્ષાએ કરાવવાની રહેશે.

૧૦) યોજનાના જટીલ તાંત્રિક પાસાઓને ધ્યાને લેતા કામો સક્ષમ અધિકારીશ્રીની દેખરેખમાં હાથ ધરવાના રહેશે.

૧૧) યોજનામાં સમાવિષ્ટ કામો અંતર્ગત થયેલ ખર્ચની સક્ષમ કક્ષાએ ખરાઈ કરાવવાની રહેશે અને ખર્ચ મંજુર થયેલ યોજનાની રકમ કરતા વધી જાય તો પી. ડબલ્યુ. ડી. મેન્યુયલના પ્રર્વતમાન ધારાધોરણ મુજબ યોજનાની સુધારેલ વહીવટી મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૨) બ્રાહ્મણી-૨ ડેમમાંથી યોજનાની ૩૦૦ એમ.એલ.ડી. પાણીની જરુરીયાત તથા ડેમમાં ઈન્ટેક વેલ અને આનુસાંગીક કામો કરવાની મંજુરી મેળવી કામો હાથ ધરવાના રહેશે.

૧૩) આ કામ માટે જમીન સંપાદન, પાણી અનામત,રેલ્વે ક્રોસીંગ, રોડ ક્રોસીંગ, કેનાલ ક્રોસીંગ વિગેરે માટે સંબધિત વિભાગની મંજુરી જરુરીયાત જણાય તેવા સંજોગોમાં તે અંગેની

કાર્યવાહી સત્વરે પુર્ણ કરી/કરાવી લેવાની રહેશે, પ્રસ્તુત કારણોસર સમય મર્યાદા વધારી આપવાની દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં.

૧૪) યોજનામાં સમાવિષ્ટ ગામ/પરા/શહેરના હયાત નેટવર્ક અને અન્ય ઘટકોનું મહત્તમ ઉપયોગ કરવાનું રહેશે.

આ વહીવટી મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની સરકારશ્રીની ______ તા. ૦૭/૦૩/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ:યોજનામાં સમાવિષ્ટ ઘટકોની તારીજ

(ડૉ. ધીમંત બી. વ્યાસ )
અધિક સચિવ અને મુખ્ય ઇજનેર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રી ના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.( અલગથી પત્ર દ્વારા )
- માન.મુખ્ય મંત્રીશ્રીનાં અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પા.પુ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજય કક્ષાનામંત્રીશ્રી (પા.પુ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના રહસ્ય સચિવશ્રી નાંણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પા.પુ.)ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેકટરશ્રી, ગુજરાત વૉટર ઇનફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ , ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- કલેકટરશ્રી, મોરબી
- સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઇલ.

ઠરાવ નં. વીડબલ્યુએસ /૨૫ -૨૦૧૮ -૪૩૬ / IWDMS-૫૭૧૧૭૯ / ખ.૪, નું બિડાણ

બ્રાહ્મણી – ૨ ડેમથી એનસી-૭ મોરબી પમ્પીંગ સ્ટેશન સુધીની ની યોજનામાં સમાવિષ્ટ ઘટકોની તારીજ

| ક્રમ | સમાવિષ્ટ ઘટક | રૂ. (લાખમાં) |
|---|---|---|
| ૧ | એપ્રોચ ચેનલ | ૪૨૬.૭૭ |
| ૨ | ઈન્ટેક વેલ | ૬૭૦.૩૫ |
| ૩ | પંપ હાઉસ સાઇઝ ૨૫x૨૨ મીટર | ૯૯.૧૯ |
| ૪ | એપ્રોચ બ્રીજ | ૧૩૯.૨૦ |
| ૫ | પેનલ રૂમ અને સ્વીચયાર્ડ | ૭૦.૧૩ |
| ૬ | રો વોટર એમએસ રાઇઝીંગ મેઈન પાઈપલાઈન ૨૦૨૮ મી.મી વ્યાસ, ૧૪ મી.મી જાડાઈ, ૩૩.૫૦ કિ.મી. લંબાઈ | ૨૨૧૨૧.૬૩ |
| ૭ | ઈન્ટેક વેલ માટેની પમ્પીંગ મશીનરી | ૯૨૧.૭૭ |
| ૮ | વિજળીકરણ | ૬૭.૦૦ |
| ૯ | આરઓયુ અને પાક વળતર | ૩૬૮.૫૦ |
| ૧૦ | રોડ અને નદી ક્રોસિંગની મંજુરીઓ | ૫૧.૦૦ |
| ૧૧ | યોજનાની મરામત નિભાવણી (૫ વર્ષ માટે) | ૮૩૫.૩૪ |
| | કુલ રૂ. | ૨૫૭૭૦.૮૯ |
| | ૫ % કન્ટીજન્સી ચાર્જ | ૧૨૮૮.૫૪ |
| | કુલ રૂ. | ૨૭૦૫૯.૪૩ |
| | ૨ % વર્ક ચાર્જ એસ્ટાબ્લિશમેન્ટ ચાર્જ | ૫૪૧.૧૯ |
| | કુલ નેટ રૂ. | ૨૭૬૦૦.૬૨ |
| | ૫ % ઈટીપી ચાર્જીસ | ૧૩૮૦.૦૩ |
| | કુલ ગ્રોસ રૂ. | ૨૮૯૮૦.૬૫ |

(ડૉ. ધીમંત બી. વ્યાસ )
અધિક સચિવ અને મુખ્ય ઇજનેર